# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




**વાસદ રેતી માફિયાઓનું ‘એપી સેન્ટર’ બન્યું | આણંદ ખાણ-ખનિજ વિભાગ ઉઘતું રહ્યું અને સ્કોડે રૂ.3.41 કરોડનો મુદ્દામાલ જપ્ત કર્યો**

# વાસદમાં રેતી ખનન માફિયા પર ફલાઈંગ સ્કોડના દરોડાં

**મહીકાંઠે મંજૂરી** વગર ચાલતા કાળા કારોબાર પર કાર્યવાહી

**સ્થાનિક** ખાણ-ખનિજ વિભાગની નિષ્ક્રિયતા ફરી છતી થઈ

(પ્રતિનિધિ) આણંદ તા.26

આણંદ જિલ્લામાં મહીસાગર નદીના કિનારે આવેલા વાસદ પંથકમાં રેતી માફિયાઓ જાણે બેફામ બન્યા હોય તેમ, કોઈપણ પ્રકારની લીઝની પરવાનગી વગર ધમધમતા ગેરકાયદેસર રેતી ખનન પર ગાંધીનગર ખાણ ખનીજ વિભાગની ફ્લાઈંગ સ્કોડે લાલ આંખ કરી છે. શનિવારે પડેલા દરોડામાં ફ્લાઈંગ સ્કોડે વાસદના મહી કાંઠેથી કુલ રૂપિયા 3.41 કરોડનો મસમોટો મુદ્દામાલ જપ્ત કરીને ખનન માફિયાઓમાં ફફડાટ ફેલાવી દીધો છે. નોંધનીય છે કે, માત્ર દોઢ મહિના અગાઉ જ આ વિસ્તારમાંથી 3 કરોડનો મુદ્દામાલ પકડાયો હોવા છતાં માફિયાએ ફરીથી જગ્યા બદલીને ખનન શરૂ કરી દીધું હતું.

આણંદ જિલ્લો અને ખાસ કરીને વાસદ પંથક ગેરકાયદે રેતી ખનનનું મુખ્ય કેન્દ્ર બની ગયું છે. ગાંધીનગર ફ્લાઈંગ સ્કોડને મળેલી બાતમીના આધારે વાસદ મહીસાગર નદીના કિનારે ઓચિંતા દરોડા પાડવામાં આવ્યા હતા. આ કામગીરીમાં ખાણ ખનીજ વિભાગ નડિયાદની ટીમ પણ જોડાઈ હતી. તપાસ દરમિયાન સ્થળ પર કોઈ પણ કાયદેસરની પરવાનગી વગર મોટા પાયે રેતી કાઢવાનું મશીનરી દ્વારા ચાલતું હોવાનું જણાઈ આવ્યું હતું.

સૂત્રોના જણાવ્યા અનુસાર, અગાઉ દોઢ મહિના પહેલા જ ફ્લાઈંગ સ્કોડે વાસદમાંથી 3 કરોડનો મુદ્દામાલ પકડ્યો હતો. તે કેસમાં પકડાયેલા માફિયાઓએ જ માત્ર જગ્યા બદલીને ફરીથી રેતી ખનનનો કાળો કારોબાર શરૂ કરી દીધો હતો, જે ફરી એકવાર ઝડપાઈ ગયો છે.

### આણંદ ખાણ ખનીજ વિભાગની શંકાસ્પદ ભૂમિકા

ગાંધીનગર ફ્લાઈંગ સ્કોડ દ્વારા આણંદ જિલ્લામાં વારંવાર પડતા દરોડા અને તેમાં પકડાતા કરોડોના મુદ્દામાલે સ્થાનિક તંત્રની કામગીરી સામે ગંભીર સવાલો ઉભા કર્યા છે. ગાંધીનગરની ટીમ જ્યારે આટલી મોટી કાર્યવાહી કરતી હોય ત્યારે આણંદ જિલ્લાનું ખાણ ખનીજ વિભાગ ‘કુંભકર્ણની નિંદ્રામાં’ હોય તેમ જણાય છે. વાસદમાં વારંવાર પકડાતા કૌભાંડો સાબિત કરે છે કે અહીં ખનન માફિયાઓને સ્થાનિક સ્તરે કોઈનો ડર રહ્યો નથી.




---

**નડિયાદ મનપામાં તંત્ર અને કોન્ટ્રાક્ટરોની મિલીભગત સામે કોંગ્રેસની કલેક્ટરને ફરિયાદ**

# નડિયાદ મનપામાં કર્મીઓના કરોડો ‘ઓહિયા’!

**13 વર્ષથી** પીએફ-ઈએસઆઈ જમા ન કરાવી કાયદાના ભંગ કરાયાનો આક્ષેપ

(પ્રતિનિધિ) નડિયાદ, તા.26

નડિયાદ મહાનગરપાલિકામાં કોન્ટ્રાક્ટ પદ્ધતિથી કામ કરતા કર્મચારીઓના આર્થિક હિતોનું મોટાપાયે ધોવાણ થઈ રહ્યું હોવાની રજૂઆત સાથે જિલ્લા કલેક્ટરને આવેદન પાઠવવામાં આવ્યું છે. વર્ષ 2011 થી પીએફ અને ત્યારબાદ ઈએસઆઈના નાણાં જમા ન કરાવી શ્રમ કાયદાઓનો સરેઆમ ભંગ કરવામાં આવ્યો હોવાના ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે.

નડિયાદ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા રજૂ કરવામાં આવેલી વિગતો મુજબ, પાલિકામાં કાર્યરત કોન્ટ્રાક્ટરો કર્મચારીઓના પગારમાંથી



કાયદેસરની કપાત કરે છે પરંતુ તે રકમ નિયત સમયમર્યાદામાં સરકારી ખાતામાં જમા કરાવતા નથી. વર્ષ 2011 થી પ્રોવિડન્ટ ફંડ અને 2022 થી ઈએસઆઈના નિયમો અમલી હોવા છતાં અનેક કામદારોના ખાતામાં શૂન્ય બેલેન્સ જોવા મળી રહ્યું છે. ખાસ કરીને વર્ષ 2025 દરમિયાન કાર્યરત એજન્સીઓએ એપ્રિલ અને સપ્ટેમ્બર મહિનાથી કોઈ પણ પ્રકારનું કોન્ટ્રીબ્યુશન જમા કરાવ્યું નથી, જે ભારતીય ન્યાય સંહિતા હેઠળ વિશ્વાસઘાત અને છેતરપિંડીનો ગુનો બને છે. આ સમગ્ર પ્રકરણમાં પાલિકાના એકાઉન્ટ વિભાગની કામગીરી શંકાસ્પદ છે, કારણ કે પીએફ જમા થયાની પાવતી વગર કોન્ટ્રાક્ટરોના લાખો રૂપિયાના બિલો પાસ કરી દેવામાં આવ્યા છે. આ આર્થિક ગેરરીતિમાં તત્કાલીન ચીફ ઓફિસર અને ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરની ભૂમિકાની પણ તપાસ કરવાની માંગ કરવામાં આવી છે. કર્મચારીઓને લઘુત્તમ વેતન કરતા ઓછો પગાર ચુકવવો, બોનસ અને ગ્રેચ્યુટી ન આપવી તેમજ માહિતી માંગવા છતાં વિગતો છુપાવવી તે પાલિકાની નિષ્ફળતા દર્શાવે છે. કલેક્ટર અને મ્યુનિસિપલ કમિશનર આ મામલે તટસ્થ તપાસ કરી જવાબદારો સામે કડક પગલાં ભરે તેવી અપેક્ષા સાથે આગામી 15 દિવસનું અલ્ટીમેટમ આપવામાં આવ્યું છે. આ અંગે કલેક્ટર સમક્ષ રજૂઆત કરવા માટે જિલ્લા પ્રમુખ મહેન્દ્રસિંહ રાણા, શહેર પ્રમુખ હાર્દિક ભટ્ટ, પૂર્વ કાઉન્સિલર ગોકુલ શાહ, દિનેશ રાઠોડ સહિતના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

### જવાબદારો સામે ફોજદારી પગલાંની માંગ

શ્રમ કાયદાના ભંગ બદલ માત્ર કોન્ટ્રાક્ટરો જ નહીં પરંતુ તેમને પ્રોત્સાહન પૂરું પાડતા જવાબદાર અધિકારીઓ સામે પણ ગુનો દાખલ કરવા માંગ કરવામાં આવી છે. તપાસ સમિતિ બનાવી તમામ રેકોર્ડ સીલ કરી આ કૌભાંડની ઝીણવટભરી તપાસ કરી જવાબદાર તમામ અધિકારીઓ સામે કાર્યવાહીની માંગણી ઉઠી છે.

### રાજકીય ગરમાવો અને હોબાળો

અગાઉ મનપાના તત્કાલિન ડે. કમિશ્નર મહેન્દ્ર દેસાઈને સમક્ષ હાર્દિક ભટ્ટ અને તેમની ટીમ રજૂઆત કરવા પહોંચી હતી. તે સમયે ભાજપના કાર્યકરો સાથે થયેલા વિવાદમાં એટ્રોસીટીની ફરિયાદ નોંધાઈ હતી. આ મુદ્દે હાઈકોર્ટે જામીન આપ્યા હતા. ત્યારે પુન: હવે આ જ મુદ્દે જિલ્લા કલેક્ટર સમક્ષ રજૂઆત કરી મુખ્યમંત્રી સુધી કૌભાંડ પહોંચાડવા માટે કોંગ્રેસે આક્રમક તેવર સાથે ભ્રષ્ટાચારના મુદ્દે તંત્રને ઘેર્યું છે.

---

**કેનેડા વર્ક પરમિટના નામે નકલી યુસીઆઈ નંબર અને ઓફર લેટર આપ્યાં**

# તારાપુરના 3 વિદેશ વાંચ્છુ યુવાનો સાથે 45.54 લાખની છેતરપિંડી

**વિદ્યાનગર પોલીસ** મથકે બે શખ્સો સામે ગુનો નોંધાયો

(પ્રતિનિધિ) આણંદ તા.26

આણંદના તારાપુરના ત્રણ યુવાનોને કેનેડામાં વર્ક પરમિટ અપાવવાના બહાને આણંદના વિદ્યાનગરની એક કન્સલ્ટન્સીના એજન્ટોએ કુલ રૂા. 45.54 લાખ પડાવી લઈ છેતરપિંડી આચરી હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. આ મામલે ભોગ બનનાર યુવાને વિદ્યાનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, તારાપુરના સંદીપકુમાર પારેખ, તેમના સાળા વિજયકુમાર અને ભત્રીજા પાર્થ કેનેડા જવા ઈચ્છતા હતા. આ માટે તેઓ વિદ્યાનગર સ્થિત શ્રીજી ઈન્ટરનેશનલ ના સંપર્કમાં આવ્યા હતા. ત્યાંના એજન્ટ પુનિયા ધરમવીર યશવીર (રહે. વિદ્યાનગર) અને હર્ષલ ચંદ્રકાંત આચાર્ય (રહે. અમદાવાદ) એ ‘ઈન્ટરનેશનલ મોબિલિટી પ્રોગ્રામ’ હેઠળ વિઝા કરાવી આપવાની ખાતરી આપી ત્રણેય પાસેથી લાખો રૂપિયા વસૂલ્યા હતા.

એજન્ટોએ વિશ્વાસ જીતવા માટે ‘ગવર્મેન્ટ ઓફ કેનેડા’ના નામે નકલી UCI નંબર અને એપ્લિકેશન નંબર આપ્યા હતા. એટલું જ નહીં, કેનેડાની ‘ન્યુ એગ્રો’ કંપનીના નકલી ઓફર લેટર પણ પધરાવી દીધા હતા. એજન્ટોએ 115 દિવસમાં વિઝા સ્ટેમ્પ થઈ જવાની ખાતરી આપી હતી.

ગત પહેલી જાન્યુઆરી 2025ના રોજ જ્યારે યુવાનોના પાસપોર્ટ VFS ઓફિસથી પરત આવ્યા, ત્યારે તેમાં વિઝા સ્ટેમ્પ નહોતા. તેની સાથે આવેલા કેનેડા સરકારના પત્રમાં સ્પષ્ટતા કરવામાં આવી હતી કે આ નામે કોઈ વિઝા પ્રક્રિયા ક્યારેય થઈ જ નથી. પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું જણાતા સંદીપકુમારે બંને એજન્ટો સામે ફરિયાદ નોંધાવી છે. પોલીસે આ મામલે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

ઉલ્લેખનીય છે કે, ચરોતર પંથકમાં છેલ્લા કેટલાક સમયથી વિદેશ વાંચ્છુ સાથે છેતરપિંડી થવાના કિસ્સા વધી રહ્યા છે. જેની સામે જાગૃતિ જરૂરી છે.

---

# પેટલાદમાં ધૂમ બાઈકની હડફેટે મહિલાનું મોત

**રવિપુરા ચોકડી** પાસે શાકભાજી લેવા નીકળેલાં મહિલાને હડફેટે ચડાવ્યાં

(પ્રતિનિધિ) પેટલાદ તા.26

પેટલાદના રવિપુરા ચોકડી પાસે પૂરપાટ ઝડપે આવતા એક અજાણ્યા બાઈક ચાલકે માર્ગની સાઈડમાં ચાલતા જતા 44 વર્ષીય મહિલાને જોરદાર ટક્કર મારતા તેમનું ગંભીર ઈજાઓ બાદ સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. આ અકસ્માત સર્જી બાઈક ચાલક ફરાર થઈ ગયો હતો.

પેટલાદના મોરડ વિસ્તારમાં રહેતા દક્ષાબેન નરેશભાઈ પરમાર (ઉ.વ. 44) ગત તા. 25-02-2026ના રોજ પોતાની બે દીકરીઓ સાથે રવિપુરા ચોકડી વિસ્તારમાં કરિયાણું અને શાકભાજી લેવા નીકળ્યા હતા. તેઓ માર્ગની બાજુએ ચાલતા જઈ રહ્યા હતા ત્યારે ગૌરાંગ એન્જિનિયરિંગ કંપની સામે એક અજાણ્યા બાઈક ચાલકે અતિ ઝડપે આવી દક્ષાબેનને હડફેટે લીધા હતા. આ અકસ્માતમાં દક્ષાબેનને માથા અને મોઢાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેમને તાત્કાલિક કરમસદની હોસ્પિટલ ખસેડાયા હતા. જોકે, તેમની હાલત નાજુક જણાતા વધુ સારવાર અર્થે અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું દુખદ અવસાન થયું હતું.

આ બનાવ અંગે મૃતકના દિયર નવનીતભાઈ પરમારે મહેળાવ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા બાઈક ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. પોલીસે અકસ્માતનો ગુનો નોંધી ફરાર ચાલકને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

---

**રસોઈમાં નશાકારક પદાર્થ ભેળવી સાસુ અને પતિને બેભાન કર્યા બાદ અઢી લાખનો ચૂનો ચોપડ્યો**

# રઢુ ગામના યુવાનને ફસાવી ‘લૂંટરી દુલ્હન’ દાગીના-રોકડ લઈ રફુચક્કર

**લગ્નની માયાજાળમાં** યુવાનને ફસાવનારા અમદાવાદ અને મહારાષ્ટ્રના 7 દલાલો સામે ફરિયાદ

(પ્રતિનિધિ) નડિયાદ તા.26

ખેડા તાલુકાના રઢુ ગામના 35 વર્ષીય યુવાનને લગ્નના બહાને પ્રેમજાળમાં ફસાવી મહારાષ્ટ્રની લૂંટરી દુલ્હન અને તેની ટોળકીએ લાખો રૂપિયાની છેતરપિંડી આચરતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. ધોળકાની કેડિલા ફાર્મામાં સિક્યુરિટી ગાર્ડ તરીકે નોકરી કરતા દીપક પરમારે લગ્ન માટે દલાલો મારફતે મહારાષ્ટ્રની યુવતી સાથે સંપર્ક કર્યો હતો, જે લગ્નના માત્ર ત્રણ જ દિવસમાં ઘરના દાગીના, રોકડ અને મોબાઈલ ફોન લઈને ફરાર થઈ ગઈ છે.

રઢુ ગામના દીપક પરમારે તેમના બનેવી મારફતે ચલોડાના દલાલનો સંપર્ક થયો હતો, જેણે મહારાષ્ટ્રની સપના સાહેબરાવ અલહત નામની યુવતી બતાવી લગ્ન નક્કી કરાવ્યા હતાં. આ ટોળકીએ લગ્ન માટે કુલ 1.70 લાખ રૂપિયા અને દાગીના આપવાનું નક્કી કર્યું હતું. ગત 13મી ઓક્ટોબર,2025ના રોજ નવરંગપુરા ખાતે લગ્ન થયા બાદ દીપકે યુવતીના મામા અને અન્ય ચાર દલાલોને નક્કી કરેલી રકમ ચૂકવી હતી. લગ્ન બાદ 17મી ઓક્ટોબરની રાત્રે સપનાએ રસોઈમાં કોઈ કેફી પદાર્થ ભેળવી દીધો હતો, જે જમ્યા બાદ દીપક અને તેની માતા બેભાન જેવી ગાઢ નિદ્રામાં સરી પડ્યા હતાં. આ તકનો લાભ ઉઠાવી સપના સોનાની ચેઈન, ચાંદીના દાગીના અને મોબાઈલ લઈ પાછળના દરવાજેથી ભાગી છૂટી હતી.

### લગ્નરજીસ્ટ્રારકચેરીમાંનોંધણીકરાવીવિશ્વાસજીત્યો

ટોળકી એટલી રીઢી હતી કે દીપકને સહેજ પણ શંકા ન જાય તે માટે લગ્નના બીજા જ દિવસે એટલે કે 14મી ઓક્ટોબર, 2025ના રોજ અમદાવાદ ખાતે લગ્ન રજીસ્ટ્રારની કચેરીમાં સત્તાવાર નોંધણી પણ કરાવવામાં આવી હતી. સરકારી દસ્તાવેજ તૈયાર કરાવીને સાસરી પક્ષનો ભરોસો જીત્યા બાદ લૂંટરી દુલ્હને અસલી ખેલ પાડ્યો હતો.

### દલાલોની જાળ અને મહારાષ્ટ્ર કનેક્શન

આ છેતરપિંડીમાં મહારાષ્ટ્રના જલગાંવ જિલ્લાના પાંચોરા અને ચાલીસગાંવના શખ્સો સામેલ છે. લૂંટરી દુલ્હન સપના ઉપરાંત તેના કહેવાતા મામા વિનોદ ભાસ્કર મોરે, મામી મંગલા મોરે તેમજ અમદાવાદ ગેરેતપુરની બે મહિલા દલાલો કંચન પરમાર અને રેખા પરમારે પૂર્વ આયોજિત કાવતરું ઘડી સિક્યુરિટી ગાર્ડ યુવાનના પરિવારને આર્થિક રીતે પાયમાલ કર્યો છે.

---

# કપડવંજમાં એક તરફી પ્રેમમાં પાગલ યુવકને કેદ

**સગીરાને પ્રેમ સંબંધ** માટે દબાણ કરી માર મારતાં કોર્ટે અઢી વર્ષની સજા ફટકારી

(પ્રતિનિધિ) કપડવંજ તા.26

કપડવંજ તાલુકાના એક ગામમાં સગીરાને જબરજસ્તીથી પ્રેમ સંબંધ રાખવા દબાણ કરી, તેને શારીરિક ઈજા પહોંચાડવા અને જાનથી મારી નાખવાની ધમકી આપવાના ગંભીર ગુનામાં કપડવંજ કોર્ટે ઐતિહાસિક ચુકાદો આપતા આરોપી યુવકને અઢી વર્ષની કેદની સજા ફટકારી છે.

કપડવંજ તાલુકાના ગામમાં રહેતા સુરેશ ઉર્ફે ચકો બાલાભાઈ પરમારે 9મી ડિસેમ્બર,2023ના રોજ મધ્યરાત્રિએ 17 વર્ષની સગીરાના ઘરમાં પ્રવેશ કર્યો હતો અને સગીરાનું મોઢું દબાવી તેને બળજબરીપૂર્વક ધાબા પર લઈ જઈ ‘તું મારી સાથે કેમ પ્રેમ સંબંધ રાખતી નથી.’ તેમ કહી અપશબ્દ ક્યાં હતા. બાદમાં સગીરાને મોઢાના ભાગે ઝાપોટ મારી ઈજા પહોંચાડી હતી અને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી.

આ કેસની તપાસ કપડવંજ ટાઉન પોલીસે હાથ ધરી કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી હતી. કેસ દરમિયાન સરકારી વકિલ મિનેષ આર. પટેલે અદાલતમાં 10થી વધુ દસ્તાવેજી પુરાવા, મૌખિક જુબાનીઓ અને મેડિકલ પુરાવા રજૂ કર્યા હતા. ભોગ બનનાર સગીરાની જુબાની અને સાહેદોની જુબાનીઓને ધ્યાને લઈ, જજ કે.એસ. પટેલે આરોપી સુરેશભાઈ પરમારને કસૂરવાર ઠેરવ્યો હતો. આ સજાની સાથે સાથે કોર્ટે ‘ગુજરાત વિક્ટિમ કોમ્પેન્સેશન સ્કીમ-2019’ હેઠળ ભોગ બનનાર સગીરાને રૂ. એક લાખ વળતર પેટે ચૂકવવાનો આદેશ કર્યો છે.

---

# આણંદમાં દાતાના સહયોગ વગર 21 યુગલના સમૂહલગ્નનુ આયોજન

**સ્વકમાણીથી સેવા** આપવા માધુરી પટેલ આરોગ્ય અને સમાજ ઉત્થાન માટે ફાઉન્ડેશનનો પ્રારંભ કર્યો

(પ્રતિનિધિ) આણંદ તા.26

આણંદ ખાતે રીપેરિયા ગ્રુપ સંચાલિત ફાઉન્ડેશનનો એક અનોખા અભિગમ સાથે પ્રારંભ કરવામાં આવ્યો છે. આ ફાઉન્ડેશન દેશમાં કદાચિત પ્રથમ એવી સંસ્થા હશે જે અખબારના પ્રતિનિધિઓના આરોગ્યની ચિંતા કરવાની સાથે સમાજલક્ષી ઉત્થાનના કાર્યો કરશે.

આ અંગે સંસ્થાના માધુરી પટેલે જણાવ્યું હતું કે, આ ફાઉન્ડેશન કોઈ દાતાના સહયોગથી નહીં પરંતુ પોતાની સ્વ-કમાણીના નાણાંથી સમાજ સેવા આપવા માટે કટિબદ્ધ છે. ઈશ્વર કૃપા અને પોતાના પરસેવાની કમાણીથી સમાજને કંઈક અર્પણ કરવાની ભાવના સાથે આ ફાઉન્ડેશન કાર્યરત થયું છે. અગાઉ સેવાલિયા ખાતેની શિક્ષણ સંસ્થામાં ‘આનંદમય’ કાર્યક્રમનો પ્રારંભ કર્યા બાદ હવે આણંદમાં ફાઉન્ડેશન દ્વારા સેવાની સુવાસ ફેલાવવામાં આવશે.

આ ફાઉન્ડેશન શિક્ષણથી લઈ મહિલા સશક્તિકરણ, આત્મનિર્ભરતા અને કૂપોષણ મુક્તિ જેવા વિષયો પર ધ્યાન કેન્દ્રિત કરશે. વિદ્યાર્થીઓને નિ:શુલ્ક ચોપડા અને નોટબુકનું વિતરણ કરવામાં આવશે. આ ઉપરાંત, સામાન્ય જનતાને ઉત્તમ આરોગ્ય સુવિધાઓ મળી રહે તે હેતુથી સુપ્રસિદ્ધ હોસ્પિટલો સાથે સેવાકીય એમઓયુ (MOU) પણ કરવામાં આવ્યા છે. આ સાથે આગામી દિવસોમાં ફાઉન્ડેશન દ્વારા વિદ્યાનગરના હરિઓમ નગર વિસ્તારમાં 21 જરૂરિયાતમંદ યુગલો માટે સમૂહ લગ્નનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

આ શુભારંભ પ્રસંગે વિદ્યાનગર સ્થિત ભગતસિંહ ઓલ ઈન્ડિયા કાઉન્સિલના અલ્પેશ પુરોહિત, યુવા નેતા વિરેન્દ્રસિંહ તેમજ અન્ય સ્થાનિક એનજીઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતાં. અલ્પેશ પુરોહિતે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે રીપેરીયા ફાઉન્ડેશનના સહયોગથી આણંદ વિસ્તારમાં જરૂરિયાતમંદ લોકો માટે સેવાની સુવાસ મહેકશે.





ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
| --- | --- |
| જય એન્ટરપ્રાઈઝ | ઈશાન ન્યુઝ પેપર એજન્સી |
| કિશોર પ્લાઝા, | સાગર ભુવન, ડભાણ |
| આણંદ. | ભાગોળ, નડિયાદ |

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225